# Virtual Summit between Prime Minister Shri Narendra Modi and Prime Minister of Vietnam H.E. Nguyen Xuan Phuc

December 18, 2020

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને વિયેતનામનાં વડાપ્રધાન મહામહિમ નગુયેન શુઆન ફુક વચ્ચે વર્ચ્યુઅલ શિખર સંમેલન

ડીસેમ્બર 18, 2020

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 21 ડીસેમ્બર 2020 નાં રોજ વિયેતનામનાં વડાપ્રધાન મહામહિમ શ્રી નગુયેન શુઆન ફુક સાથે વર્ચ્યુઅલ શિખર સંમેલન યોજશે.

2. આ શિખર સંમેલન દરમિયાન, બન્ને નેતાઓ વ્યાપક-શ્રેણીમાં દ્વિપક્ષીય, પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરશે અને ભારત-વિયેતનામ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનાં ભાવિ વિકાસ માટે માર્ગદર્શન પ્રદાન કરશે.

3. વર્ષ 2020 માં, બન્ને દેશોએ ઉચ્ચ-સ્તરનાં આદાન-પ્રદાનો જાળવી રાખવાનું ચાલું રાખ્યું હતું. વિયેતનામનાં ઉપ-રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતિ ડાન્ગ થી નગોક થિન્હ ફેબ્રુઆરી 2020 માં ભારતની અધિકૃત મુલાકાતે આવ્યા હતા. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીમાંથી ઉદ્ભવી રહેલી પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે 13 એપ્રિલ 2020 નાં રોજ ટેલીફોન પર વાતચીત કરી હતી. બે વિદેશ મંત્રીઓની સહ-અધ્યક્ષતામાં 25 ઓગસ્ટ 2020 નાં રોજ જોઈન્ટ કમિશનની બેઠક (વર્ચ્યુઅલ) નું 17મું સંસ્કરણ યોજવામાં આવ્યું હતું. રક્ષા મંત્રીએ 27 નવેમ્બર 2020 નાં રોજ પોતાનાં સમકક્ષ સાથે ઓનલાઈન બેઠક યોજી હતી.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 18, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.